સાતમો દહાડો શબ્બાથ માનનારા-ઓનાં મુખ્ય નિયમો.

સાતમો દહાડો શબ્બાથ માનનારાઓનો બાઈબલ સિવાય બીજો કોઈ ધાર્મિક મત નથી; પણ તેઓ અમુક ચોક્કસ શ્રદ્ધાની બાબતો માનેછે કે જેને માટે તેઓ "જે કોઈ તેમને પૂછે તેને" કારણ આપવાને તૈયાર રહેછે. નીચેના નિયમો તેઓની ધર્મની માન્યતાના મુખ્ય તત્ત્વોનાં ટુંક ભાવાર્થ તરીકે લઈ શકાય, કે જે વિષે, આપણા જાણુવા પ્રમાણે આપણો ધર્મ પાળનારાઓમાં બીલકુલ મતભેદ નથી. તે લોકો માનેછે.—

૧—પરમેશ્વર એક છે, તે વ્યક્તિ છે, તે આત્મા છે. જે જોવામાં આવતી અને નહિ જોવામાં આવતી સર્વ ચીજોનો પેદા કરનાર અને રક્ષણ કરનાર છે, જે સર્વશક્તિમાન, સર્વજ્ઞ અને શાશ્વત છે; જેનું ડહાપણ, પવિત્રતા, ન્યાય, ભલાઈ, સત્ય અને દયા હદ વગરના છે, જે બદલાઈ જતો નથી, અને જે પોતાના પવિત્ર આત્માથી સર્વત્ર હાજર છે. ગીત શાસ્ત્ર ૧૩૯ : ૭.

૨—કે આપણા શાશ્વત્ પિતાનો પુત્ર પ્રભુ ઇસુખ્રિસ્ત એક છે, કે જેનાથી તેણે બધી વસ્તુઓ પેદા કીધી અને જેને લીધે તે બધી વસ્તુઓ છે; કે તેણે આપણી અધોગતિમાં આવી પડેલી જાતના છુટકારાને માટે ઈબ્રાહીમના બીજનો સ્વભાવ લીધો, કે તે સુંદરતા અને સત્યથી માણુસોમાં રહ્યો, એનો દાખલો જોઈ આપણે ચાલીએ એવી રીતે રહ્યો, આપણે માટે ભોગ

આપી મુવો, આપણી મુક્તિ માટે ઉપર લઈ જવામાં આવ્યો, અને સ્વર્ગના પવિત્ર સ્થાનમાં, કે જ્યા એણે રેડેલા લોહીના પ્રતાપથી જે લોકો ખંતથી એના આશ્રયનીચે જાય છે તે સર્વેના પાપની માફી અપાવે છે, ત્યાં આપણા એકજ મુક્તિ અપાવનારા તરીકે ઉપર ગયો; માણુસોના કુળ માટે પ્રાયશ્ચિત કરવાના ખ્રીસ્તના કામનો આધાર તેના અવતાર, મોત, ફરી પ્રગટ થવું, ઉપર ચડવું, અને સ્વર્ગના પવિત્ર સ્થાનમાં અને ખરા મુલાકાત મંડપમાં યાજક તરીકે સેવા બજાવવામાં છે; અને યાજક તરીકે એના કામના છેવટના ભાગ તરીકે એક રાજા તરીકે એ રાજ્યાસનપર બેસે ત્યાર પહેલાં, જે લોકોને માફી બક્ષવામાં આવેલી છે તેમના પાપના પ્રાયશ્ચિતનું મોટું કામ તે પુરૂં કરશે, અને તેમના પાપ ત્યારે ભુસાઈ જશે. (પ્રેરીતોના કૃત્ય ૩:૧૯) અને યાજકોની ધર્મોપાસના કે જેમાં આપણા પ્રભુની સ્વર્ગમાં યાજક તરીકે સેવા આગમચથી જણાવવામાં આવી હતી તેમાં બતાવ્યા પ્રમાણે તેમના પાપ પવિત્ર સ્થાનમાંથી દૂર થઈ જશે. લેવીય ૧૬, હેબ્રુ, ૯૪,૫; ૯ : ૬, ૭.

૩—કે જુના અને નવા કરારના પવિત્ર શાસ્ત્રો દેવની પ્રેરણાથી અપાયલા છે, તેની માણુસ તરફ કેવી ઇચ્છા છે તેનું પૂરેપૂરૂં પ્રકટીકરણ એમાં સમાયલું છે અને શ્રદ્ધા અને ધર્મપાલનને માટે એજ ભુલ વગરનો નિયમ છે.

૪—કે બેપ્ટિસમ પોતાની માન્યતાપ્રમાણે ચાલવાને અને પ્રાયશ્ચિત કરવાને માટે ખ્રીસ્તી મતવાળાઓનું ફરમાન છે,—કે જે ફરમાનથી આપણે ખ્રીસ્તના ફરી પ્રગટ થવાની યાદદાસ્ત જાળવી રાખીએ છીએ, કારણ કે એ કૃત્ય કરવાથી આપણે તેના દાટવામાં અને ફરી પ્રગટ થવામાં અને તેને લીધે તેના પવિ-

ત્રોના છેલ્લે દિવસે ફરી જાગૃત થવામાં વિશ્વાસ બતાવીએ છીએ. અને શાસ્ત્રો જેને બાપ્તિસ્માની ક્રિયા કહેછે તે સિવાય બીજી કોઈપણ રીત આ બાબતો વધારે સારી રીતે બતાવતી નથી. (રૂમીઓને પત્ર ૬: ૩:–૫; કલોસીઓને પત્ર. ૨: ૧૨)

૫—કે નવા જન્મમાં દેવના રાજ્ય માટે આપણને લાયક થવાને જે જે ફેરફારની જરૂર છે તેનો તેમાં સમાવેશ થાય છે, અને તેના બે ભાગ છે; પહેલો ખ્રીસ્તી જીવનથી અને પાપી માણસના અંતઃકરણમાં થતા ફેરફારથી થયેલો નૈતિક ફેરફાર (યોહાન ૫: ૩); બીજો ખ્રીસ્તના બીજી વખત આવવા વખતે થતો શારીરિક ફેરફાર, કે જેથી, જો આપણે મરી ગયેલા હોઇએ તો પાછા અવિનાશી જાગૃત થઇએ છીએ, અને જો જીવતા હોઇએ, તો આપણે એક પળમાં, આંખના એક પલકારામાં, અમર બની જઇએ છીએ.

લુક–૨૦.૩૬; ૧ કરીથીઓને પત્ર ૧૫: ૫૧, ૫૨.

૬—કે ભવિષ્યવાણી માણસને કરવામાં આવેલા દેવના પ્રકટીકરણનો એક ભાગ છે; કે જે શાસ્ત્ર શીખવામાં ફાયદો છે તેમાં તે આવી ગયલું છે (૨–૧ તીમોથીને પત્ર ૩: ૧૬). કે તો આપણે અને આપણા છોકરાઓ માટે રચાયલું છે (પુનર્નિયમ ૨૯: ૨૯); કે નહિ સમજાય એવા ભેદમાં તેને લપેટવાને બદલે, તે ખાસ કરીને દેવનો શબ્દ, આપણા પગને માટે દીવો, આપણા રસ્તાને માટે રોશની બની રહ્યો છે. (ગીત શાસ્ત્ર ૧૧૯: ૧૦૫; ૨ પીતર ૧: ૧૯) કે જે લોકો એનો અભ્યાસ કરે તેને આશિર્વાદ આપવામાં આવ્યો છે (પ્રકટીકરણ ૧: ૧,૩); અને તેથી કરીને દેવના લોકોએ, દુનિયાનાં ઈતિહાસમાં તેમનું સ્થાન બરાબર સમજવાને અને તેમને હાથે શું શું ખાસ ફરજો બજાવવાની છે તે જોવાને, તેને સમજવાનું છે.

૭—કે ભૂતકાળમાં ખાસ નક્કી કરેલી તારીખોથી, રાજ્યોની ચડતી પડતીથી, અને તારીખવાર એક પછી એક આવતા બનેલા બનાવોથી તે દેવના હમેશના રાજ્યના થતાં સુધી દુનિયાની ઇતિહાસની આ બધી જુદી જુદી ભવિષ્યવાણીઓમાં રૂપરેખા દોરવામાં આવેલી છે; અને આ ભવિષ્યવાણીઓ છેલ્લા બનાવો સિવાય બધી હવે ખરી પડી છે.

૮—કે પશ્ચાતાપથી દુનિયા સુધરવાનો મત અને ખ્રીસ્તનું દુનિયા ઉપર એક હજાર વર્ષનું રાજ્ય, લોકોને ખોટી સહિસલામતીમાં રાખી મુકવાની, અને રાતમાં ચોરની પેઠે પ્રભુનો મોટો દિવસ તેમના ઉપર આવી પડે એમ કરવાની, આ છેલ્લા દિવસોની વાર્તા છે. (૧ થેસ્સાલોનીકીઓને પત્ર ૫: ૩)

ખ્રીસ્તનું બીજી વખતનું આવવું તે તેના હજાર વર્ષના રાજ્ય પહેલા થવાનું છે અને નહિં કે પછી; કારણ કે જ્યાંસુધી પ્રભુ પ્રકટ થશે નહિ ત્યાંસુધી પોપની સત્તા, તેના બધા ધિક્કારવા લાયક કૃત્યો સાથે, કાયમ રહેશે (૨ થેસ્સાલોનીકીઓને પત્ર ૨ : ૮) અને ઘહું અને કડવા દાણા સાથે સાથે ઉગશે (માત્થી ૧૩ : ૨૯,૩૦,૩૧) અને જેમ દેવનો શબ્દ કહેછે તેમ પાપી માણસો અને અનાચારીઓ વધારેને વધારે નઠારા થતા જસે (૨ તીમોથીને પત્ર ૩ : ૧,૧૩.)

૯—કે ખ્રીસ્તના બીજી વખત આવવા માટે કોઈ વખત આગળથી નક્કી કરેલો આપવામાં આવ્યો નથી, પણ દાનિયેલના બે હજાર અને ત્રણસે દિવસોનો (દાનિયેલ ૮ : ૧૪) લાંબામાં લાંબો વખત ૧૮૪૪ માં પૂરો થયો, અને આપણને પવિત્ર સ્થાનના સાફ કરવાના બનાવ લગી લાવી મૂકયા તેથી ખ્રીસ્તના બીજી વખત આવવા માટે ચોક્કસ વખત મુકરર

કરવો એ સાતમો દિવસે સેબ્બાથ માનનારાઓના કામ અને નિયમવાળાને અજાણ્યું છે.

૧૦—કે નવા કરારનું પવિત્ર સ્થાન સ્વર્ગમાં દેવનો માંડવો છે, કે જેને વિષે પાઉલ હેબ્રીઓના પત્રમાં આઠમાં પ્રકરણમાં અને આગળ વર્ણન કરેછે, અને જેનો, આપણે પ્રભુ, પ્રમુખ્ય યાજક તરીકે સેવક છે; કે આ પવિત્રસ્થાન મુસાના માંડવાથી વિરૂદ્ધ જાતનું છે, અને તેને અંગેનું આપણા પ્રભુનું યાજક તરીકેનું કામ તે પહેલાના વખતના યાહુદી યાજકોના કામથી વિરૂદ્ધ જાતનું છે. (હેબ્રુ ૮:૧–૫ વિગેરે); કે આ પવિત્રસ્થાન, અને નહિ કે આપણી પૃથ્વી, બે હજાર અને ત્રણસે દિવસ પછી સાફ કરવાની છે. જે તેનું સાફ કરવાનું કહેવાય છે તે આ સંબંધમાં પાપી માણસ પાસેથી લઇને પવિત્ર સ્થાનમાં મુકેલા પાપને ત્યાંથી ખસેડીને અને પશ્ચાતાપ પૂર્ણ કરીને તેના અંગની સેવા પુરી કરવા, સૌથી પવિત્રમાં પવિત્ર જગ્યામાં પ્રમુખ્ય યાજકનું માત્ર દાખલ થવું છે. (લેવીય ૧૬; હેબ્રુ ૯ : ૨૨–૨૩); અને નવા કરારમાં આ કામ, ૧૮૪૪ માં શરૂ થઈ પાક માણસોના પાપ ખરેખર ભુસી નાંખવાનું છે (પ્રેરિતોના કૃત્ય ૩ : ૧૯) અને તેઅ ચોક્કસ પણ ટુંકો વખત રોકે છે કે જે પૂરો થયે દુનિયા માટે દયાનું કામ પુરૂં થશે અને ખ્રીસ્તનું બીજી વખતનું આવવાનું થશે.

૧૧—કે દરેક વખતમાં દરેક માણસ ઉપર દેવની નૈતિક માંગણીઓ તેની તેજ છે; આ માગણીઓ સીનાઈથી બોલેલા યહોવાહના ફરમાનોમાં આવી જાયછે, કે જે ફરમાનો પત્થરના કકડાઓ ઉપર કોતરેલા છે અને કોષમાં મૂકવામાં આવેલા છે જેને પરિણામે તે કોષ કરારકોષ અથવા કરાર કહેવાય છે (ગણના

૧૦ : ૩૩; હેબ્રુ ૯ : ૪ વિગેરે) આ કાયદો નહિ બદલાય એવો અને હમેશનો છે, કેમકે ઉપર આવેલા પવિત્ર સ્થાનના કોષમાં મુકવામાં આવેલા લખાણોની તે નકલ છે, આ કારણસર તે પવિત્ર સ્થાન પણ દેવના કરારનો કોષ કહેવાય છે; કારણ કે આપણને કહેવામાં આવ્યું છે કે સાતમું રણશિંગડું ફુંકાયું ત્યારે "આકાશમાં દેવનું જે મંદિર છે તે ઉઘાડયું, ને તેના મંદિરમાં તેના કરારની પેટી દેખાઈ." પ્રકટીકરણ ૧૧ : ૧૯.

૧૨—કે આ કાયદાનું ચોથું ફરમાન કહેછે કે દરેક અઠવાડીયાનો સાતમો દિવસ સાધારણ રીતે શનીવાર કહેવાય છે તે દિવસે આપણા કામમાંથી આપણે દૂર રહેવું જોઇએ અને પવિત્ર ધર્મ ફરજો બજાવવી જોઇએ; કે બાઈબલ પ્રમાણે આજ અઠવાડીયાનો સાબ્બાથ છે કેમકે સ્વર્ગ ગુમાવાયું ત્યાર પહેલાં એજ દિવસ કોરે મુકાયલો હતો (ઉત્પત્તિ ૨ : ૨–૩) અને સ્વર્ગ પાછું મળ્યું ત્યારે પણ એજ દિવસ પળાશે (યશાયાહ ૬૬: ૨૩); કે જે બાબતો ઉપર સાબ્બાથનો આધાર છે તે બાબતો સાતમો દિવસ સાબ્બાથ માટે નક્કી કરે છે, કેમકે તે બીજા કોઈ દિવસને લાગુ પડતી નથી, અને સાતમા દિવસને કહેવામાં આવતો યાહુદીનો સાબ્બાથ અને અઠવાડીયાના પહેલા દિવસને કહેવામાં આવતો ખ્રીસ્તી સાબ્બાથ, આ શબ્દો મનુષ્યના મગજે શોધી કહાડેલા નામ છે, મુદ્દાસર જોતાં તે અશાસ્ત્રીય છે અને તેનો અર્થ જોતાં ખોટા છે.

૧૩—કે પાપી માણસની પેઠે પોપે વચન અને કાયદા ફેરવવાનું વિચાર્યું છે (દેવનો કાયદો, દાનિયલ ૭ : ૨૫) અને ચોથા ફરમાનની બાબતમાં લગભગ બધી ખ્રીસ્તી દુનિયાને ઉંધે માર્ગે દોરી છે તેથી અમને લાગે છે કે આ બાબતમાં ખ્રીસ્તના આવતાં

પહેલાં પાક માણુસોમાં સુધારાની ભવિષ્યવાણી થવી જોઇએ. યશાયાહ ૫૯–૧–૨; ૧ પીતર ૧–૫, પ્રકટીકરણ ૧૪–૧૨ વીગેરે.

૧૪—કે મહારાણી વિકટોરીઆના ૧૮૫૭ના ઢંઢેરામાં જણાવ્યાપ્રમાણે, માણુસને ધર્મની બાબતમાં સ્વતંત્ર પસંદગી કરવાની સત્તા આપવામાં આવી છે; જો બીજાના સરખા હક્કો ઉપર અણુઘટતું દબાણુ નહિ થાય તો પોતાના અંતઃકરણુના હુકમ પ્રમાણે, રાજ્ય તરફથી કાંઇપણુ હરકત વગર, દરેકને દેવને પૂજવાનો સ્વતંત્ર હક છે. ઇતિહાસ સાબીત કરે છે કે દેવની સાથેના માણુસના સંબંધ વિષેની બાબતોને લગતા કાયદાઓનું પરીણામ દુઃખ અને જોરજુલમજ આવ્યું છે; અને પરીણામે સઘળા ધર્મસંબંધી કાયદાઓ દયાના કાયદાઓની વિરૂદ્ધ છે, અને સત્યધર્મ અને દેવના કાયદાથી ઉલટા છે.

૧૫—કે ખ્રીસ્તના અનુયાયીઓ અમુક નિયમપ્રમાણેજ ચાલનારા અથવા દુનિયાદારીના રસ્તાપ્રમાણેજ વર્તનારા નહિ પણ જુદીજ જાતના માણુસો જોઇએ; તેની મોજશોખને ચાહનારા નહિ કે તેની મૂર્ખાઇને ઉત્તેજન આપનારા નહિ. કેમકે જેમ દૂત કહેછે તેમ જે આવો થશે તે દુનિયાનો મિત્ર ઈશ્વરનો દુશ્મન છે અને ખ્રીસ્ત કહેછે કે દેવ અને મેમન એમ આપણા બે ધણી હોઈ શકે નહિ, અથવા આપણાંથી બે ધણીની ચાકરી કરી શકાય નહિ. માત્થી. ૬–૨૪.

૧૬—કે જે અંતઃકરણમાં "માયાળુ અને નમ્ર" હતો તેના અનુયાયીઓ થવાનું જેઓ કબુલ કરે છે તેમના શિષ્યપણાની મુખ્ય નિશાની તરીકે તેમના કપડાની સાદાઈ અને વિનય વિષે શાસ્ત્ર વારંવાર કહે છે; કે સોનું, મોતી અથવા કિંમતી વસ્તુઓનું પહેરવું, કોઇપણ ચીજ શરીરને શણુગારવાને અને કુદરતી

અંતઃકરણનું અભિમાન વધારવાને માટે હોય તે શાસ્ત્રના મત પ્રમાણે ધિક્કારવી જોઇએ.

૧ તીમોથીને પત્ર ૨–૯–૧૦.
૧ પીતર ૩–૩–૪.

૧૭—કે જ્યારે શાસ્ત્રો શીખવે છે કે આપણા શરીરો પવિત્ર આત્માના મંદિરો છે, કે જે મંદિરો આપણે અપવિત્ર કરવા જોઇએ નહી, અને દારૂ, તંબાકુ, અફિણ વીગેરે સાધારણ ઉપયોગમાં આવતી ચીજો અનુભવથી અને વૈદકશાસ્ત્રની ખાત્રીથી નુકસાનકારક અને માણસની શારીરિક, માનસીક અને નૈતીક ઉંચી ખીલવણીમાં બાધ કર્તા સાબીત થઈ છે, તે ઉપર લખેલી બધી વ્યસની ચીજોથી દૂર રહેવાનું અમે જણાવીએ છીએ અને એક મંડળી તરીકે અકુદરતી ઉશ્કેરણી કરનાર ચા, કાફી વીગેરેના ઉપયોગ અમે પસંદ કરતા નથી.

૧૮—કે શાસ્ત્રનું સત્ય બતાવનારા કામના નિભાવ માટે આત્માના પ્રેમ અને દેવ તરફના પ્રેમને લીધે સાધનો અપાવાં જોઇએ; કે આગલા કરારમાં જોઈતી આવકનું પ્રમાણ નવા કરારમાં ઓછું થઈ શકે નહી; કે ઇબ્રાહીમે (જેના આપણે છોકરા છીએ, જો આપણે ખ્રીસ્તના હોઇએ તો, ગલાનીઓને પત્ર ૩–૨૯) મેલચીઝેડેક (જે ખ્રીસ્તનો નમુનો હતો) તેને પોતાની આવકનો એક દશાંશ આપ્યો (હેબ્રુ ૭–૧–૪) તેજ તે છે; કે દશાંશ પ્રભુનો છે (લેવીય ૨૭–૩૦), અને આ આવકના દશાંશ ભાગમાં જે લોકો શક્તિવાન્ હોય તેમણે શાસ્ત્રના નિભાવ માટે ભેટ આપીને ઉમેરો કરવો જોઇએ. ૨ કરીથીઓને પત્ર ૯–૬; માલાખી ૩–૮–૧૦.

૧૯—કે કુદરતી અથવા માસનું અંતઃકરણ દેવ અને તેના કાયદાની સાથે દુશ્મનાવટવાળું છે, તેથી આ દુશ્મનાવટ, લાગણીઓને એકદમ બદલી નાંખવાથી, અપવિત્ર નિયમોને પવિત્ર નિયમો માટે બદલી નાંખવાથી, દબાવી શકાય. આ ફેરફાર પશ્ચાતાપ અને વિશ્વાસ પછી થાય છે, પવિત્ર આત્માનું ખાસ કામ છે, અને દુનિયાના સુધરવાનું કારણ થાય છે.

૨૦—કે દેવનો કાયદાનો બધાએ ભંગ કર્યો છે અને તેની ન્યાયી માંગણીઓને પોતાની મેળે તાબે થઈ શકાય એમ નથી તેથી એક તો આપણા ભૂતકાળના ગુન્હાઓમાંથી મુક્તિ મેળવવા માટે, અને બીજું ભવિષ્યમાં તેના પવિત્ર કાયદાને તાબે રહીને ચાલવા માટે, આપણે ખ્રીસ્ત ઉપર આધાર રાખીએ છીએ.

૨૧—કે ૧-કરીથીઓને પત્ર ૧૨ માં અને એ ફેસીઓને પત્ર ૪ માં વર્ણવેલી કેટલીક ભેટોદ્વારા દેવનો આત્મા દેવળમાં જણાવાનો હતો. જેમ બાઈબલ પવિત્ર આત્માની જગ્યા લઈ શકે નહિ. તેમ, આ ભેટો બાઇબલ કે જે મુક્તિની બાબતમાં આપણને ડહાપણ આપવાને બસ છે તેની જગ્યા લેવાને માટે યોજાયલી નથી, કે આવી રીતે તેના કાર્ય કરવાના જુદા જુદા રસ્તાઓ નક્કી કરવામાં આત્માએ વખતના અંત લગી દેવના માણસો સાથે પોતાની હાજરી માટે, તેણે પ્રેરેલા શબ્દને સમજાવવા માટે અને અંતઃકરણમાં અને જીંદગીમાં ફેરફાર કરવા માટે, ગોઠવણ કરી છે; અને જે લોકો આત્માને તેની જગ્યા અને કાર્ય સોંપતા નથી, તે લોકો બાઇબલનો જે ભાગ તેને તેનું કાર્ય અને જગ્યા મુકરર કરી આપેછે તે ભાગને માનતા નથી.

૨૨—કે જે રાત્રે આપણા તારણ કરનારને પરસ્વાધીન કરવામાં આવ્યો તે રાત્રે બધા દેશોમાં અને બધા જમાનામાં આ-

પણા ધર્મના પાલવા માટે એક ફરમાન તરીકે તેણે પ્રભુનું ખાણું કીધું હતું. કે તે વખતે શિષ્યોના મનમાં સરસાઈ મેળવવાની ઈર્ષ્યા અને ઇચ્છા, કે જે મનુષ્યના અંતઃકરણના કુદરતી વલણ હતા તેને માટે, અને દરેક અંતઃકરણ તદ્દન સ્વચ્છ થાય અને ખાણા વખતે પ્રભુની સાથે મળી જાય તેટલા માટે, આપણા તારણ કરનારે, ખાણામાં ભાગ લેવાની પહેલી સેવા તરીકે, પગ ધોવાનું, અથવા તે જેમ તેને કેટલીક વખત કહેવામાં આવેછે તેમ, નમ્ર થવાનું ફરમાન કાડયું. યોહાન ૧૩–૧–૧૭ આ પ્રમાણે કરવામાં ખ્રીસ્તે ધાર્મિક સેવા દાખલ કીધી. આપણા પ્રભુના કામથી તે નમ્ર થવાની વીધિ એક પવિત્ર ફરમાન થઈ પવિત્ર ધાર્મિક સેવા માટે તે ખ્રીસ્તની નક્કી કરેલી તૈયારી છે. આ દૈવી ફરમાનને બાજુએ મુકવાથી ખ્રીસ્તી ધર્મ પાળનારાઓના મન અભિમાન, અદેખાઈ અને સરખાપણાથી ભરેલા થાય છે, અને તેથી ઘણાં તેઓની અધોગતિ થાય ત્યાં સુધી ખાઈ, પી, મઝા ઉડાવેછે અને આત્માની એકમયતા તથા બળનો કિંમતી વારસો ધર્મમાંથી આમ ગુમાવાય છે.

રોટલી અને દારૂ, કે જે આપણા પ્રભુના ભોગેલા શરીર અને રેડેલા લોહીની નિશાનીઓ છે. તેનું ખાવાનું ધર્મ પાળનારાઓનાં મનમાં, અધોગતિમાં આવી પડેલી માણુસ જાતના મોટા જથ્થાના એક ભાગ તરીકે દરેક માણુસને માટે તેણે જે હદ વગરનો ભોગ આપ્યો તે યાદ રાખવા માટે છે. કે આ નિશાનીઓને વિશ્વાસપૂર્વક ખાવાથી આપણે તેનું માંસ ખાઈએ છીએ અને તેનું લોહી પીઇએ છીએ કે જેથી કરી આપણી અંદર જીવન આવે; કે ખ્રીસ્તના આ શરીર અને લોહીમાં ભાગ લેવાથી દેવળમાં ખ્રીસ્તની હાજરી અને દૈવી અને આત્માની પ્રવૃત્તિમાં આપણી માન્યતા છે કે નહિ તેનો કસ થાય છે, ખીલવણી

થાય છે અને ખાત્રી થાય છે. માત્થી ૨૬–૨૬–૩૦; ૧ કરીથીઓને પત્ર ૧૦–૧૬–૧૧–૨૩–૩૪ કે ફરમાનની ખુબી ઉપરથીજ સમજવું જોઇએ કે ફીણ વગરનો દારૂ અને ઘણીવાર નહિ પલાળી રાખેલી કણકની રોટલી સીવાય બીજું કાંઈ વાપરવું જોઇએ નહિ

૨૩—કે લગ્નની સંસ્થા દેવે શરૂઆતમાં ઠરાવી હતી; કે દેવે આદમને એકજ સ્ત્રી આપી હતી કે જે તેની જોડે એકમય થઈ ગઈ; કે એક કરતા વધારે સ્ત્રીઓ પરણવીએ દેવની મરજીથી ઉલટું છે, અને જ્યાં જ્યાં તે ચાલુ છે ત્યાં ત્યાં હમેશા ગુંચવાડો અને માઠાંજ પરિણામ આવ્યા છે; કે બદચાલના કારણ સિવાય, લગ્નના સોગન લગ્ન કરનારા બે જણમાંથી એકનું મૃત્યુ થતાંજ ખતમ થાય છે.

૨૪—કે દેવ માણુસ જાત સાથેના એના સરખા વર્તન પ્રમાણે ખ્રીસ્તના બીજી વખત આવવાનું જાહેરનામું મોકલે છે. અને આ જાહેરનામું પ્રકટીકરણના ૧૪ માં પ્રકરણમાં આપેલા ત્રણ સંદેશાઓમાં આવી જાય છે, કે જેમાંનો છેલ્લો સંદેશો દેવના કાયદા ઉપર સુધારો કરવાનું કામ બનાવે છે, જેથી કરીને એના લોક એ બનાવને માટે બરાબર તૈયાર થઈ રહે.

૨૫—કે પવિત્રસ્થાન સાફ કરવાનો વખત (જુઓ નિયમ ૧૦) જે ત્રીજા સંદેશાના જાહેરનામાના વખત સાથે મળતો છે. (પ્રકટીકરણ ૧૪–૯–૧૦) તે પ્રથમ તો મુવેલાઓના સંબંધમાં, અને બીજું, લાયકી બતાવનારો વખત પુરો થયે, જીવતાઓના સંબંધમાં, તપાસ કરી ન્યાય આપવાનો વખત છે, કે જેથી એમ નક્કી થાય કે જે લાખો પૃથ્વીની ધૂળમાં સુવેલા છે તેમાંથી પહેલા જાગૃત થવા માટે કેટલા લાયક છે, અને જે જીવતાં ટોળાં

છે. તેમાંથી કેટલા સ્વર્ગમાં લેવાવાલાયક છે.—કે જે બાબતો પ્રભુ પ્રકટ થાય ત્યાર પહેલાં નક્કી થવી જોઇએ; કારણ કે જ્યારે ખ્રીસ્ત આવશે ત્યારે ચારિત્ર્યની શોધ માટે બીલકુલ વખત રહેશે નહી, પણ ખ્રીસ્ત કહેશે કે તેનો બદલો (જે પહેલેથી નક્કી કરેલો છે તે) તેની સાથે રહેશે, અને ત્યારે ન્યાયી મુવેલા લોકોજ ઉપર લઈ જવામાં આવશે, અને ન્યાયી જીવતાં લોકો એક પળમાં, આંખની પલકમાં બદલાઈ જશે. ૧ થેસાલોનીકીઓને પત્ર ૪–૧૬; પ્રકટીકરણ ૨૦–૫–૬; ૧ કરીથીઓને પત્ર ૧૫–૫૧–૫૨.

૨૬—કે કબર જેને માટે યાહુદી શબ્દ–શેઓલ છે, અને ગ્રીક શબ્દ હેડસ છે, અને જ્યાં આપણે બધા જઇએ છીએ તે, એવી જગ્યા અથવા સ્થિતિ છે કે જેમાં કાંઈ યુક્તિ, ડહાપણ અથવા જ્ઞાન નથી. સભાશિક્ષક ૯–૧૦.

૨૭—કે મોતથી આપણે જે સ્થિતિમાં આવી પડીએ છીએ તે સ્થિતિ શાંતિ, અપ્રવૃત્તિ અને બીલકુલ વિસ્મૃતિની છે. ગીતશાસ્ત્ર ૧૪૬–૪, સભાશિક્ષક ૯–૫–૬, દાનિયલ ૧૨–૨ વીગેરે.

૨૮—કે કબરના કેદખાનામાંથી માણસના એ શરીરના જાગૃતપણાથી બહાર લાવવાની છે, ન્યાયીઓને પહેલા જાગૃતપણામાં કે જે ખ્રીસ્તના બીજી વખત આવવાની સાથે થશે; પાપી માણસોને બીજા જાગૃતપણામાં, કે જે ત્યાર પછી એક હજાર વર્ષ પછી થશે. પ્રકટીકરણ ૨૦–૪–૬ યોહાન ૫–૨૮–૨૯, પ્રેરિતોના કૃત્ય ૨૪–૧૫.

૨૯—કે છેલ્લું રણશિંગડું ફુકાશે ત્યારે, જીવતા ન્યાયીઓ એક પળમાં, આંખના પલકારામાં બદલાઈ જશે, અને જીવતા ન્યાયીઓ સાથે પ્રભુ સાથે હમેશાં રહેવાને, હવામાં પ્રભુને મળવાને પકડી લઈ જવામાં આવશે.

૧ થેસ્સાલોનીકીઓને પત્ર ૪–૧૬–૧૭. ૧ કરીથીઓને પત્ર ૧૫–૫૧–૫૨.

૩૦—કે આ અમર કરેલાઓને ત્યાર પછી સ્વર્ગમાં, નવા યરૂશાલેમમાં, બાપના ઘરમાં, જ્યા ઘણા મહેલો છે, (યોહાન ૧૪–૧–૩.) ત્યાં લઈ જવામાં આવશે; ત્યાં દુનિયા અને અધોગતિમાં આવી પડેલા દૂતોનો ન્યાય કરતાં, એટલે હજાર વર્ષ પછી તેમના ઉપર અમલમા મુકવાની શિક્ષા નક્કી કરતાં (પ્રકટીકરણ, ૨૦–૪–૧ કરીથીઓને પત્ર ૬–૨–૩), તેઓ ખ્રીસ્ત સાથે હજાર વર્ષ રાજ્ય કરશે; કે આ વખતે શરૂઆતમાં "તળીઆ વગરના ખાડા" શબ્દથી વર્ણવ્યા પ્રમાણે દુનિયા વેરાન અને અવ્યવસ્થિત સ્થિતિમાં રહેશે. અને અહિયાં શેતાનને એક હજાર વર્ષસુધી કેદ રાખવામાં આવશે (પ્રકટીકરણ ૨૦–૧–૨) અને અહિંયાં તેનો છેવટે નાશ થશે, (પ્રકટી કરણ ૨૦–૧૦; માલાખી ૪–૧), જગતમાં એણે જે નાશ કીધો છે તેની જગ્યા, થોડા વખત માટે બરાબર રીતે એનું અંધારૂં કેદખાનું થશે, અને ત્યાર પછી એના છેલ્લા મોતની જગ્યા થશે.

૩૧—કે હજાર વર્ષ પછી, પ્રભુ તેના લોકો અને નવા યરૂશાલેમ સાથે ઉતરશે (પ્રકટીકરણ ૨૦–૧–૨), પાપી મુવેલા માણસો જાગૃત કરવામાં આવશે,અને હજુ ફરી શરૂ નહિ થયલી દુનિયાની સપાટી ઉપર આવશે, અને પવિત્રોની છાવણીવાળા શહેર આગળ તેમને ભેગા કરવામાં આવશે (પ્રકટીકરણ ૨૦–૯), અને સ્વર્ગમાંથી દેવ પાસેથી આગ આવશે અને તેમને સ્વાહા કરી જશે. ત્યારપછી તેઓ તદન બળીને રાખ થઇ જશે (માલાખી ૪–૧) જાણે તેઓ કદી હતાજ નહિ તેમ ઓબાદ્યાહ ૧૫–૧૬ પ્રભુની હાજરીમાંથી સદાના આ નાશમાં (૨ થેસ્સા-

લોનીકીઓને પત્ર ૧-૯), પાપીઓને તેમને આગળથી ધમકી આપવામાં આવેલી "હમેશની શિક્ષા" મળશે, કે જે શિક્ષા હમેશને માટેનું મોત છે. રૂમીઓને પત્ર ૬-૨૩; પ્રકટીકરણ ૨૦-૧૪-૧૫ જે લોકો દેવને માનતા નથી તેઓની આવી દુઃખી સ્થિતિ થાયછે; જે આગ તેમને બાળેછે તે આગ માટે "સ્વર્ગ અને પૃથ્વી જે હમણાં છે, તે રાખવામાં આવેલા છે," જે આગ તેના બળથી તત્ત્વોને પણ પીગળાવી દેશે, અને પૃથ્વીને તેના મોટામાં મોટાં કલંક અને પાપમાંથી મુક્ત કરશે. ૨ પીતર ૩-૭-૧૨.

૩૨—કે જુનું સ્વર્ગ અને જુની પૃથ્વીની રાખોડીમાંથી નવું સ્વર્ગ અને નવી પૃથ્વી દેવની સત્તાથી પેદા થશે, અને આ નવી પેદા કરેલી પૃથ્વી, તેની રાજ્યધાની નવા યરૂશાલેમ સાથે, પવિત્રોનો હમેશનો વારસો થશે, કે જે જગ્યાએ ન્યાયીઓ હમેશને માટે રહેશે. ૨ પીતર ૩-૧૩; ગીત શાસ્ત્ર, ૩૭-૧૧-૨૯; માત્થી, ૫-૫; પ્રકટીકરણ ૨૧-૧-૫.

સાતમો દહાડો શબ્બાથ મતવાળાઓની માન્યતાનો આગળ આપવામાં આવેલો ટુંક સાર વાચકને આપવામાં, એમ ચોખ્ખું સમજવાનું છે કે આ ચોપાનીયું એક પુરાવો અથવા તો આચારવિચારનો નિયક થવા માંગતું નથી. દેવના શબ્દ સિવાય બીજો કોઈ એવો નિયમ અમે કબુલ કરતા નથી. જે પ્રકાશ અને સત્ય દેવ તેના લોકોને હમેશ આપ્યા કરે છે તેના તરફ આવી વલણ હમેશાં રાખવાની સાતમો દિવસ સેબ્બાથ માનનારાઓની યોજના છે, કે જેથી કરી લોકો તે મેળવવાને હમેશાં તૈયાર રહે. અને જે પ્રકાશ અને સત્ય થવા માંગે છે તેની કસોટી કરવી, અમુક મત અથવા બનાવી કહાડેલો

અભિપ્રાય જાહેર કરવાથી નહી, પણ દેવના શબ્દ, બાઇબલથીજ એજ તેમનો રીવાજ છે.

આ અને એવી બીજા વિષયો ઉપર સાહિત્યના લીસ્ટ માટે આ ચોપાનીયાના પ્રસિદ્ધ કર્તાઓને લખો.

૩૦।૬।૧૬.

Bombay:—Printed at the Tatva-Vivechak Press by B. [illegible] Shinde & Published by **S. A. Wellman** at the International Tract Society, 17 Abbott Road, Lucknow.